# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 01-12-2024 EVENING : 7.50 to 8.00

Day : SUNDAY National News

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોલીસ મહાનિદેશક અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદમાં એ.આઈ. અને ડ્રોન ટેક્નોલોજી અપનાવવા આહવાન કર્યું
2) કોલસા મંત્રાલયે 2024-25માં નવેમ્બર સુધી કોલસાનું ઉત્પાદન 628.03, મિલિયન ટન કર્યું
3) કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે DLC અભિયાન દરમિયાન કુલ એક કરોડ 30 લાખ ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ્સ રજૂ કર્યા.
4) અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય મૂળના અમેરિકન કાશ પટેલને એફ.બી.આઈ.ના વડા તરીકે નિયુક્ત કર્યા.
5) ચક્રવાત ફેંગલને પગલે પુડુચેરી અને આસપાસના વિસ્તારોમાં વિક્રમજનક વરસાદ થયો છે.
6) પી.વી. સિંધુએ સૈયદ મોદી આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM--BHUBANESHWAR.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભુવનેશ્વરમાં આયોજિત પોલીસ મહાનિદેશક અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદના છેલ્લા દિવસે દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સંબંધિત મહત્વપૂર્ણ સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. મુખ્યત્વે સાયબર ક્રાઈમ, કોસ્ટલ સિક્યુરિટી અને માઓવાદી વિદ્રોહ સાથે કામ કરવા પર વિચારણા કરવામાં આવી હતી. આ સંમેલનમાં ગૃહમંત્રી અમિત શાહ, ગૃહ સચિવ ગોવિંદ મોહન, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ હાજર હતા. આ પરિષદમાં રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓને ઉકેલવા માટે વ્યૂહાત્મક પગલાં પરધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડ્રોન જેવી ઉભરતી ટેક્નોલોજી અને આતંકવાદનો સામનો કરવાની વ્યૂહરચના દ્વારા ઊભા થયેલા પડકારો અંગે ટોચના પોલીસ અધિકારીઓ અને વિવિધ સુરક્ષા એજન્સીઓના વડાઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી અને મુખ્ય અધિકારીઓએ પોલીસ દ્વારા સામનો કરવામાં આવતી વિવિધ સમસ્યાઓ, કામગીરી અને માળખાગત સુવિધા સંબંધિત પણ ચર્ચા કરી હતી. સંમેલનમાં દેશના વિવિધ સુરક્ષા સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે આગામી વર્ષ માટે એક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો. ભુવનેશ્વરની ત્રણ દિવસીય મુલાકાત પૂર્ણ કરીને પ્રધાનમંત્રી દિલ્હી પરત ફર્યા છે.

# COAL-PRODUCTION.RTF

કોલસા મંત્રાલયે 2024-25માં નવેમ્બર સુધી કોલસાનું ઉત્પાદન 628.03, મિલિયન ટન કર્યું છે. ગયા વર્ષના સમાન મહિનામાં 84.52 મિલિયન ટનની સરખામણીએ એકંદર કોલસાનું ઉત્પાદન 90.62 મિલિયન ટન સુધી પહોંચી ગયું છે. આ કોલસાના ઉત્પાદનમાં 7.20 ટકા વૃદ્ધિ દર્શાવે છે. કોલસા મંત્રાલયે ઉત્પાદન વધારવા, ડિસ્પેચ કાર્યક્ષમતામાં સુધારો કરવા અને સમગ્ર દેશમાં સીમલેસ કોલસાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને રાષ્ટ્રની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

# DLCs--CAMPAIGN.RTF

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે જણાવ્યું છે કે ગઈકાલે પૂર્ણ થયેલા DLC અભિયાન 3.0 દરમિયાન કુલ એક કરોડ 30 લાખ ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ્સ, DLC રજૂ કરવામાં આવ્યા હતા. ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ સબમિશનને સરળ બનાવવા માટે ગયા મહિનાની પહેલી તારીખે આ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. ખાસ કરીને વરિષ્ઠ પેન્શનરો માટે આ ઝુંબેશ શરૂ કરી હતી..

દેશમાં પેન્શનરોના કલ્યાણમાં સુધારો કરવા માટે હાથ ધરવામાં આવેલ તે અત્યાર સુધીનું સૌથી મોટું અભિયાન હતું. કુલ DLCમાંથી, 39 લાખ ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને જનરેટ કરવામાં આવ્યા હતા. અભિયાનના ભાગ રૂપે, દેશના 800 થી વધુ શહેરો અને જિલ્લાઓમાં 1800 થી વધુ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. ડિજિટલ ઈન્ડિયાના વિઝન સાથે સંલગ્ન, આ ઝુંબેશ વરિષ્ઠ નાગરિકો માટે જીવનની સરળતા વધારવાના પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના પ્રયાસોને મૂર્ત બનાવે છે. ગયા મહિનાની 24 તારીખે તેમની મન કી બાતમાં, શ્રી મોદીએ વૃદ્ધ પેન્શનરોને ટેક્નોલોજી વડે સશક્ત બનાવવાની પહેલની ક્ષમતાની પ્રશંસા કરી, જેનાથી તેઓ તેમના ઘરેથી DLC રજૂ કરી શકે.

# PRES - NAGALAND STATEHOOD DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નાગાલેન્ડના લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયાના સંદેશમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લખ્યું કે, નાગાલેન્ડ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિના સમૃદ્ધ વારસાથી સંપન્ન સુંદર રાજ્ય અને બહાદુરીની ભૂમિ છે. સુશ્રી મુર્મુએ વિકાસના વિવિધ માપદંડમાં નાગાલેન્ડની પ્રગતિની પ્રશંસા કરી અને રાજ્યના લોકોને શાંતિપૂર્ણ, સમૃદ્ધ અને પ્રગતિશીલ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી છે. ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું કે, નાગાલેન્ડની પ્રાકૃતિક ભવ્યતા, જીવંત સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથે સંવાદિતા મનમોહક છે. તેમણે ઉમેર્યું કે, કુદરત સાથેના જોડાણ અને સ્થિતિસ્થાપકતાની ભાવના સાથે, નાગાલેન્ડ દેશના સાંસ્કૃતિક અને પર્યાવરણીય ખજાના તરીકે સતત વિકાસ કરી રહ્યું છે. તેમણે રાજ્યને જીવનના દરેક પાસાઓમાં વિકાસ અને સમૃદ્ધિ હાંસલ કરવા માટે શુભેચ્છા પાઠવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, નાગાલેન્ડ તેની સમૃદ્ધ સંસ્કૃતિ અને રાજ્યના લોકોના અદ્ભુત સ્વભાવ માટે પ્રશંસનીય છે. તેમણે ઉમેર્યું કે, નાગા સંસ્કૃતિ તેની ફરજ અને કરુણાની ભાવના માટે જાણીતી છે. શ્રી મોદીએ આગામી સમયમાં રાજ્યની સતત પ્રગતિ માટે પ્રાર્થના પણ કરી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ નાગાલેન્ડ દિવસ નિમિત્તે રાજ્યના લોકોને શુભેચ્છા પાઠવાતા સોશિયલ મીડિયાના સંદેશમાં કહ્યું કે, નાગાલેન્ડ ભવ્ય સંસ્કૃતિ અને વારસાથી સમૃદ્ધ છે. નાગાસંસ્કૃતિએ ફરજ અને કરુણા માટે જાણીતી છે. તેમણે રાજ્યની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી..

# MAHA-EK-BHARAT-SHRESHTHA-BHARAT.RTF

ભારત સરકારની 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલના ભાગરૂપે, મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણને આજે મુંબઈમાં રાજભવન ખાતે નાગાલેન્ડ (પહેલી ડિસેમ્બર) અને આસામ (બીજી ડિસેમ્બર) રાજ્ય સ્થાપના દિવસની સંયુક્ત ઉજવણીની અધ્યક્ષતા કરી હતી. નાગાલેન્ડ અને આસામના લોકોને તેમના રાજ્યની સ્થાપના દિવસ પર અભિનંદન આપતા, રાજ્યપાલ રાધાકૃષ્ણને ટિપ્પણી કરી હતી કે બંને રાજ્યોએ તેમની સ્થાપના પછી શિક્ષણ, રોજગાર અને પર્યટનમાં જબરદસ્ત પ્રગતિ કરી છે. તેમણે જણાવ્યું હતું કે નાગાલેન્ડ અને આસામ અપ્રતિમ કુદરતી સૌંદર્ય અને સંસાધનોથી સમૃદ્ધ છે અને તેમની પ્રગતિ સમગ્ર રાષ્ટ્ર માટે ગર્વનો સ્ત્રોત છે.

રાજ્ય અને તેના લોકોને સમજવા અને તેની પ્રશંસા કરવાના મહત્વ પર ભાર મૂકતા રાજ્યપાલે મહારાષ્ટ્રના લોકોને નાગાલેન્ડ અને આસામની મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, જેથી તેઓ તેમની સંસ્કૃતિનો અનુભવ કરે. તેમનું માનવું હતું કે આવી મુલાકાતો મિત્રતા અને એકતાની ભાવનાને ઉત્તેજન આપશે, જે રાષ્ટ્રીય એકતા માટે જરૂરી છે.  કાર્યક્રમ દરમિયાન, નાગાલેન્ડ અને અરુણાચલ પ્રદેશના વિદ્યાર્થીઓએ પ્રખ્યાત વાંસનૃત્ય રજૂ કર્યું હતું, જ્યારે SNDT મહિલા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સંથાલી નૃત્ય રજૂ કર્યું હતું અને એક આસામી લોક ગીત ગાયું હતું.

# VICE-PREZ.RTF

ઉપરાષ્ટ્રપતિ  જગદીપ ધનખડે  કહ્યું છે કે ભારતીય ઈતિહાસના પુસ્તકોમાં દેશના નાયકો સાથે અન્યાય કરવામાં આવ્યો છે. આજે નવી દિલ્હીમાં રાજા મહેન્દ્ર પ્રતાપની 138મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત સમારોહને સંબોધતા તેમણે કહ્યું કે આ દેશની અંતરાત્મા પર હુમલો છે.

શ્રી ધનખડે  જણાવ્યું હતું કે ભારતની આઝાદીનો પાયો રાજામહેન્દ્ર પ્રતાપ સિંહ અને અન્ય અગણિત નાયકોના સર્વોચ્ચ બલિદાન પર ટકેલો છે. તેમણેક હ્યું કે રાજા મહેન્દ્ર પ્રતાપ જન્મજાત રાજદ્વારી, દેશભક્ત, દૂરંદેશી અને રાષ્ટ્રવાદી હતા. શ્રી ધનખડે  ઇતિહાસના પુસ્તકોમાં કેટલાક રાષ્ટ્રીય નાયકોની અવગણના કરવાની વૃત્તિ પર ચિંતા વ્યક્ત કરી હતી.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલોૉ કરી શકો છો.

# EVE-PUDUCHERRY--CYCLONE

ચક્રવાત ફેંગલને પગલે પુડુચેરી અને આસપાસના વિસ્તારોમાં જનજીવન ખોરવાઈ રહ્યું છે, જેનાથી આ પ્રદેશમાં 30 વર્ષથી જોવા મળ્યો ન હોય એવો વિક્રમજનક વરસાદ થયો છે. હવામાન વિભાગે ગઈકાલે સવારથી આજ સવાર સુધી પુડુચેરીમાં 48.37 સેમી વરસાદ નોંધ્યો હતો, જે ત્રણ દાયકામાં સૌથી વધુ 24 કલાકનો વરસાદ દર્શાવે છે. જ્યારે આજે બપોરે વરસાદ ઓછો થયો છે.

હવામાન વિભાગની તાજેતરની ચેતવણી અનુસાર, ચક્રવાત ફેંગલ, જે ગઈકાલે રાત્રે પુડુચેરી નજીક હતું, તે ડીપ ડિપ્રેશનમાં નબળું પડી ગયું છે. ઉત્તર દરિયાકાંઠાના તમિલનાડુ અને પુડુચેરી પર સ્થિર રહે છે અને આગામી 12 કલાકમાં ઉત્તર તમિલનાડુમાં વધુ નબળૂ પડીને પશ્ચિમ તરફ ધીમે ધીમે આગળ વધવાની ધારણા છે.

# UTTARAKHANDA-KHEL-MAHAKUMBH.RTF

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ આજે દેહરાદૂનમાં રાજ્ય કક્ષાના ખેલ મહાકુંભ-2024નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર રમતવીરોને પ્રોત્સાહિત કરવા સતત કાર્યરત છે. શ્રી ધામીએ જણાવ્યું હતું કે રાજ્ય કક્ષાના ખેલ મહાકુંભના ચંદ્રક વિજેતા ખેલાડીઓને પણ સીધી ભરતીમાં અન્ય ખેલાડીઓની જેમ ચાર ટકા અનામતનો લાભ આપવામાં આવશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ખેલ મહાકુંભ એક વિશેષ પ્રસંગ છે. આમાં ખેલાડીઓને ગ્રામ પંચાયતથી માંડીને બ્લોક, જિલ્લા, રાજ્ય કક્ષા સુધી તેમની પ્રતિભા દર્શાવવાની તક મળે છે. રાજ્યના રમતગમત મંત્રી સુશ્રી રેખા આર્યએ ખેલાડીઓને સંબોધતા જણાવ્યું હતું કે આ ખેલ મહાકુંભમાં રાષ્ટ્રીય રેકોર્ડ તોડનાર ખેલાડીને 1 લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

# BSF-AMIT-SHAH.RTF

ગૃહમંત્રી અમિત શાહે સરહદ સુરક્ષા દળ -બીએસએફના જવાનો અને તેમના પરિવારોને તેમના સ્થાપના દિવસ પર અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું છે કે BSF જવાનોએ દેશના સન્માન અને મહત્વાકાંક્ષાઓનું સંપૂર્ણ નિશ્ચય સાથે રક્ષણ કર્યું છે અને તેમના જીવનનું બલિદાન આપવા વિશે ક્યારેય બે વાર વિચાર્યું નથી.

શ્રી શાહે કહ્યું કે તેમની બહાદુરી અને બલિદાન એ પ્રેરણાનો અમર સ્ત્રોત છે જેણે દેશભક્તોની પેઢીઓને પ્રેરણા આપી છે કે ભારત હંમેશા સમૃદ્ધ રહે. ગૃહમંત્રીએ ફરજ બજાવતા  સર્વોચ્ચ બલિદાન આપનાર બહાદુરોને શ્રદ્ધાંજલિ આપી હતી.

# ICC-SHAH.RTF

બીસીસીઆઈના સચિવ જય શાહે આજે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના અધ્યક્ષ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે અને તે વૈશ્વિક સંસ્થાના વડા તરીકે પાંચમા ભારતીય બન્યા છે. 36 વર્ષીય શાહ, જેઓ છેલ્લા પાંચ વર્ષથી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સચિવ છે, તેઓ ICCના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સર્વ સંમતિથી પસંદગી પામ્યા હતા અને ન્યૂઝીલેન્ડના એટર્ની ગ્રેગ બાર્કલેના અનુગામી બન્યા હતા.

ICC અધ્યક્ષ તરીકેના તેમના ઉદ્ઘાટન નિવેદનમાં, જય શાહે તેમના વિચારો રજૂ કરતાં કહ્યું કે , લોસ એન્જલસ 2028 ઓલિમ્પિક ગેમ્સમાં પરિવર્તનની તક તરીકે ક્રિકેટના સમાવેશનો લાભ ઉઠાવવા અને મહિલા રમતના વિકાસને પ્રાથમિકતા આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

# COURT-BALYAN.RTF

**દિલ્હીની રાઉઝ એવન્યુ અદાલતે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય નરેશ બાલિયાનને ખંડણીના કેસ અને ગેંગસ્ટર કપિલ સાંગવાન સાથેના કથિત સંબંધોના કારણે બે દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે.**

**દિલ્હી પોલીસની ગુના શોધક શાખાએ તપાસ દરમિયાન નરેશ બાલિયાન અને લંડનના ગેંગસ્ટર કપિલ સાંગવાન વચ્ચેની વાતચીતની ઓડિયો ક્લિપ મેળવ્યા બાદ આ ધરપકડ કરી છે. કથિત વાતચીતમાં ઉદ્યોગપતિઓ પાસેથી ખંડણીની રકમ વસૂલવાની ચર્ચાઓ સામેલ હતી.**

# CONGRESS-AAP.RTF

કોંગ્રેસે દિલ્હીમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી સાથે કોઈ ગઠબંધન કરવાની વાતને નકારી કાઢી છે. આજે રાષ્ટ્રીય રાજધાનીમાં મીડિયાને સંબોધતા, દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ દેવેન્દ્ર યાદવે કહ્યું કે પાર્ટી તમામ 70 વિધાનસભા બેઠકો પર તેના ઉમેદવારો ઉભા કરશે. તેમણે દાવો કર્યો હતો કે AAP સાથે ગઠબંધનને કારણે કોંગ્રેસને લોકસભા ચૂંટણીમાં ઘણું નુકસાન થયું છે.

# REV-EVE-BADMINTON.RTF

ભારતીય સ્ટાર ખેલાડી પીવી સિંધુએ લખનૌમાં સૈયદ મોદી આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે.

ફાઇનલમાં સિંધુએ ચીનની વુ લુઓ યુને સતત રમતમાં 21-14, 21-16થી પરાજય આપ્યો હતો. ભારતની ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો. ફાઇનલમાં ત્રિશા અને ગાયત્રીની જોડીએ ચીનની બાઓલી જિંગ અને લી ક્વિઆનની જોડીને 21-18, 21-11થી પરાજય આપ્યો હતો. પુરુષ સિંગલ્સની ફાઇનલમાં ભારતના લક્ષ્ય સેનનો સામનો સિંગાપોરના જિયા હેંગ જેસન તેહ સામે થશે.

# TRUMP-KASH-PATEL.RTF

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય મૂળના અમેરિકન કશ્યપ ઉર્ફે કાશ પટેલને ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન-FBIના વડા તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂક સાથે, શ્રી પટેલ તેમની કેબિનેટમાં પસંદગી પામેલા બીજા ભારતીય અમેરિકન બન્યા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે પટેલ FBIના આગામી ડિરેક્ટર તરીકે સેવા આપે. તેમણે કહ્યું કે કાશ એક તેજસ્વી વકીલ, સંશોધક અને અમેરિકાના પ્રથમ યોદ્ધા છે જેમણે તેમનું સમગ્ર જીવન ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવામાં, ન્યાયની રક્ષા કરવામાં અને અમેરિકન લોકોની સુરક્ષા કરવામાં વિતાવ્યું છે. અગાઉ, શ્રી ટ્રમ્પે ભારતીય-અમેરિકન વૈજ્ઞાનિક જય ભટ્ટાચાર્યને રાષ્ટ્રીય આરોગ્ય સંસ્થાના ડિરેક્ટર તરીકે પસંદ કર્યા હતા, જે દેશની ટોચની આરોગ્ય સંશોધન અને ભંડોળ સંસ્થા છે.

# ROMANIA-VOTING.RTF

રોમાનિયામાં નવી સંસદ માટે મતદાન ચાલુ છે. આ ચૂંટણીમાં અન્ય દેશોમાં રહેતા લોકો સહિત 180 લાખથી વધુ મતદારો ચેમ્બર ઓફ ડેપ્યુટીઝની 332 બેઠકો અને સેનેટની 137 બેઠકો માટે મતદાન કરી શકશે. દેશની 42 બેઠકો માટે આજે સવારે મતદાન શરૂ થયું. આ મતદાન ભારતીય સમય અનુસાર મોડી રાત્રે સમાપ્ત થશે. 31 રાજકીય પક્ષો અને જોડાણો અને 19 રાષ્ટ્રી યલઘુમતી સંગઠનોના આઠ હજારથી વધુ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

ગયા અઠવાડિયે રાષ્ટ્રપતિની ચૂંટણીના પ્રથમ રાઉન્ડમાં અપક્ષ ઉમેદવાર કેલિન જ્યોર્જસ્કુની જીત બાદ દેશમાં અશાંતિના કારણે સુપ્રીમ કોર્ટે મતોની પુન: ગણતરીનો આદેશ આપ્યો છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે બીજા તબક્કાનું મતદાન આ મહિનાની 8મી તારીખે થવાનું છે.